દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬

# વિદ્યાર્થીઓમાં આપઘાતના બનાવો માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના કેમ્પસોનો માહોલ પણ જવાબદાર

દેશની પ્રતિષ્ઠિત ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ સંસ્થા આઇઆઇટી બોમ્બેમાં હાલ થોડા દિવસ પહેલા એક વિદ્યાર્થીએ આપઘાત કર્યો, જેનાથી વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના બનાવોનું ઉંચુ પ્રમાણ ખરેખર ચિંતાજનક છે. રાજકીય પક્ષ એનસીપીએ તો એટલે સુધી કહ્યું છે કે વિદ્યાર્થીઓમાં આપઘાતના બનાવોની સમસ્યા એ આજની એક મોટી સમસ્યા બની ગઇ છે અને દેશમાં આજે ખેડૂતોના આપઘાત કરતા વિદ્યાર્થીઓના આપઘાત વધી ગયા છે અને હાલના આંકડાઓ જોતા આ વાતમાં તથ્ય પણ જણાય છે.

આ ઘટના ગત મહિને આઈઆઈટી દિલ્હીના એક વિદ્યાર્થી દ્વારા કરાયેલી આત્મહત્યા બાદ બની છે. દેશની આ અગ્રણી ટેકનિકલ સંસ્થાઓમાં તાજેતરના વર્ષોમાં બનેલી આવી અનેક આત્મહત્યાઓની ઘટનાઓમાંથી આ પણ એક છે. શિક્ષણ મંત્રાલયે જુલાઈ ૨૦૨૩માં સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન પાંચ વર્ષમાં તમામ આઈઆઈટીમાં ૩૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. 'ગ્લોબલ આઈઆઈટી એલ્યુમનાઈ સપોર્ટ ગ્રુપ' દ્વારા એકત્ર કરાયેલા ડેટા અનુસાર, છેલ્લા ૨૦ વર્ષમાં વિદ્યાર્થીઓના ૧૭૧ અકુદરતી મૃત્યુ નોંધાયા છે, જેમાંના ૮૨ ટકા કેસ કેમ્પસમાં થયેલી આત્મહત્યાના છે. હાલના આંકડાઓ જોઇએ તો આઇઆઇટીઝમાં વર્ષ ૨૦૨૫માં વિક્રમી ૧૬ આપઘાતના બનાવો બન્યા હતા, તેના પહેલા ૨૦૨૪માં ૧૫ અને ૨૦૨૩માં ૧૪ બનાવો બન્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં ૯ બનાવો બન્યા છે. આંકડાઓ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દેશની આઇઆઇટીઝમાં સૌથી વધુ આપઘાતના બનાવ આઇઆઇટી ખડગપુરમાં બન્યા છે જે ૧૧ છે તેના પછી કાનપુર, મદ્રાસ અને દિલ્હી અનુક્રમે ૯, ૯ અને ૮ના આંકડા સાથે આવે છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની માનસિક સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓ દૂર કરવા અને આત્મહત્યા અટકાવવા માટે રચાયેલી નેશનલ ટાસ્ક ફોર્સે તેના વચગાળાના અહેવાલમાં નોંધ્યું છે કે, શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યાની આ "મહામારી" માટે શૈક્ષણિક દબાણ, જ્ઞાતિ આધારિત ભેદભાવ, નાણાકીય તણાવ અને જાતીય સતામણી, પરીક્ષામાં નિષ્ફળતા વગેરે જેવા અનેક પરિબળો જવાબદાર છે. ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓમાં આપઘાતના બનાવો અંગેની ચર્ચા આ સ્થળે આ પહેલા પણ થઇ ચુકી છે પરંતુ નેશનલ ટાસ્ક ફોર્સના હાલમાં આવેલા અહેવાલની ચર્ચા ખાસ એટલા માટે જરૂરી છે કે આ ઉચ્ચ શિક્ષણની કહેવાતી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાની સમસ્યાને હાથ ધરવા માટે સજ્જતા ખૂબ ઓછી જણાઇ છે. જૂન ૨૦૨૬માં સાર્વજનિક કરાયેલા આ અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે, તમામ આઈઆઈટીના ફેકલ્ટી સભ્યો માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પોતાને અસક્ષમ અનુભવતા હતા અને ૯૦ ટકા ફેકલ્ટી પાસે આવી સંવેદનશીલ ચિંતાઓ ધરાવતા વિદ્યાર્થીઓને સહયોગ આપવા માટે યોગ્ય તાલીમનો અભાવ હતો. સમિતિના અહેવાલ મુજબ, 23 IITs સહિત 31 કેન્દ્રિય ભંડોળથી ચાલતી સંસ્થાઓ તરફથી મળેલા પ્રતિસાદો દર્શાવે છે કે, 18 સંસ્થાઓમાં ઓછામાં ઓછા એક માનસિક સ્વાસ્થ્ય સેવા પ્રદાતા (કાઉન્સિલર/નિષ્ણાત) હતા, પરંતુ માત્ર ચાર સંસ્થાઓએ જ શિક્ષકો માટેના માર્ગદર્શન કાર્યક્રમો માટે ઔપચારિક તાલીમની જાણ કરી હતી, અને માત્ર 10 સંસ્થાઓએ સાથી વિદ્યાર્થીઓના સહકાર માટેના પ્રયાસો માટે ઔપચારિક તાલીમ આપી હોવાનું જણાવ્યું હતું. સમિતિએ નોંધ્યું હતું કે સંસ્થાઓમાં "કાઉન્સિલર" શબ્દનો ઉપયોગ અસંગત રીતે કરવામાં આવ્યો હતો, જેના કારણે ખરેખર કેટલા તાલીમબદ્ધ માનસિક-સ્વાસ્થ્ય નિષ્ણાતો ઉપલબ્ધ હતા તેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ બન્યું હતું.

ખરેખર તો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ પોતે જ પોતાને ત્યાંનો માહોલ સુધારવા માટે પગલા ભરવા જોઇએ અને વિવિધ કાર્યક્રમો અમલમાં મૂકવા જોઇએ. IIT ખડગપુરે એક નવી પહેલ અમલમાં મૂકી છે, જે અંતર્ગત વિદ્યાર્થીઓ ઇલેક્ટ્રોનિક ઉપકરણો બાજુ પર મૂકીને એકબીજા સાથે વાતચીત કરવા પ્રોત્સાહિત થાય અને એકલતા દૂર કરી શકાય તે માટે સાંજના સમયે પાવર બ્લેકઆઉટ કરવામાં આવે છે. IIT ગુવાહાટીનું 'નો ચોર નેબર' (તમારા પાડોશીને ઓળખો) અભિયાન પણ આ જ રીતે સાથી વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો ગોલ ધરાવે છે. અભ્યાસક્રમમાં સુધારો, કેમ્પસ પર વેલનેસ અને કાઉન્સેલિંગ સેન્ટરો, વેલનેસ વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ, ગેટકીપર ટ્રેનિંગ તથા એવા અન્ય પગલાંઓમાં સામેલ છે જે વિવિધ IITs દ્વારા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ કરવા અને આત્મહત્યાઓ રોકવા માટે લેવામાં આવ્યા છે. આ બધી પહેલ કરવામાં આવી તે સારી બાબત છે પરંતુ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના કેમ્પસોમાંનો માહોલ સુધારવો પણ ઘણો જરૂરી છે. રેગિંગ જેવી પ્રવૃતિઓ માટે ઝીરો ટોલરન્સ અપનાવવું જોઇએ, બીજી બાજુ શિસ્તના નામે ખાસ કરીને હોસ્ટેલના પદાધિકારીઓ વિદ્યાર્થીઓ સાથે અતિ કઠોર વર્તન કરે, જ્યાં સહાનુભૂતિની જરૂર હોય ત્યાં બિન સહાનુભૂતિપૂર્ણ વર્તન કરે તે અટકવું જોઇએ. આ માટે સ્ટાફને ખાસ તાલીમ અપાવી જોઇએ. કેમ્પસોમાં જ્ઞાતિવાદી ભેદભાવ, નબળા વર્ગના વિદ્યાર્થીઓની પ્રતાડના અટકાવવા માટે પણ ખાસ પગલાઓ જરૂરી છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રતિષ્ઠાનોમાં મિત્રાચારીભર્યો અને ન્યાયપૂર્ણ માહોલ સર્જાય તે જરૂરી છે.

# રાષ્ટ્ર પ્રથમના હેતુને પડકારતી ભ્રષ્ટાચારની વ્યાપક સમસ્યા જલદ ઉકેલ માંગે છે

**અવારનવાર**

**ડો.નાનક ભટ્ટ**

**રાષ્ટ્રના હેતુને પ્રાધાન્ય આપતા વ્યક્તિ, સમૂહ, સમાજ કે રાજકીય પક્ષોની અ-નૈતિક આવકને પદ્ધતિનાં માધ્યમથી રોકીએ તો જ સ્વાર્થી જીવનવિચાર તૂટશે**

નર્મદાબંધના વિરોધમાં યોજાયેલ આદિવાસી રેલીમાં ખડદડાની નવી વસાહતના ગ્રામસંયોજક નરસિંહ તડવી પણ હાજર રહેલ. ગામનો ભણેલો યુવા આગેવાન હોવાથી તેને ભાષણ કરવા કહેલું. નરસિંહ સફારી સૂટ પહેરીને આવેલ. સભાનું કામકાજ શરૂ થતું હતું ત્યારે નરસિંહ તેના ટેકેદારો સાથે આવી પહોંચ્યો. મારાથી સહેજ કહેવાઈ ગયું, 'ઓહો, નરસિંહભાઈ આજે વટમાં છો ને!' બાજુમાં ઊભેલા ટેકેદારે કહ્યું, 'સાહેબ, મનરેગા યોજના.' નરસિંહે પ્રત્યુત્તર વાળતાં કહ્યું, 'એમાં ખોટું શું છે? સાહેબ તમે જ ન્યાય કરો, વિકાસ યોજના સિવાય અમારે ગામડામાં બીજું કંઈ આવકનું સાધન છે?'

મનરેગા યોજનાના ખર્ચ અને થયેલ કામોનું મૂલ્યાંકન કરતાં તે સમયના વડા પ્રધાને બિહારના મુખ્ય પ્રધાનને જાહેરમાં કહેલું છે, 'મનરેગા યોજના ચાય-પાની કે લિયે હી હૈ, તો કામકાજ કે હિસાબ સે ક્યા મતલબ?' કોઈ પણ કાર્યમાં માન્ય વળતર અને અમાન્ય વળતર વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી અને અસ્થિર રહી છે. ચાણક્યના સમયમાં દૂધ, વિદ્યા અને કલા વેચવી પાપ ગણાતું અને આજે તમામ ચીજો ધીકતો ધંધો આપી શકે છે. એક સમયે કલાકારની કલાનું મૂલ્ય પૈસામાં અંકાય તો અપમાન ગણાતું અને આજે સંગીત, નૃત્ય, નાટકના શોનું એડવાન્સ બુકિંગ શિરસ્તો બની ગયું છે. સમયાંતરે ધાર્મિક અને સામાજિક જીવનનાં મૂલ્યોમાં પરિવર્તનો આપણે જાણીજોઈને આણ્યાં છે તેમ સહ્યાં પણ છે. તો આર્થિક બાબતોમાં કેટલાક નવા ખ્યાલો અને નવી રસમો બદલાઈ રહ્યાં છે, તો તેનો વિરોધ શા માટે? વિમાનમાં ટિકિટ લેનારને ઊભા રહેવું પડતું નથી, પરંતુ બસ કે ટ્રેનની ટિકિટ ખરીદનારને સીટની ખાતરી મળતી નથી. સામાન્ય માનવીને પ્રવાસખર્ચ ઉપરાંત વધારાનો બેસવાનો ખર્ચ આપવો પડે છે. પાવતી આપીને સ્વીકારતાં આ નાણાં ખુલ્લો ભ્રષ્ટાચાર નથી બનતો? ટપાલ ટીકીટ ચોંટાડેલા પત્રો નિશ્ચિત રીતે પહોંચશે તેની ખાતરી નથી. પત્ર નિશ્ચિત રીતે પહોંચાડવો હોય તો વધારાની ટિકિટ લગાડી પોસ્ટલ સર્ટિફિકેટ કરાવવું પડે છે. આ પદ્ધતિમાં ભ્રષ્ટાચાર નથી?


હિંદુસ્તાનનાં લગભગ તમામ રાજ્યનાં વીજળી નિગમો નિયત દર વસૂલ કરીને પણ જરૂરિયાત મુજબ વીજપુરવઠો આપી શકતાં નથી. આથી ઔદ્યોગિક ગૃહો પોતાની વીજળી જાતે ઉત્પાદિત કરે છે અને નાગરિકો ઘરની છતો પર સોલાર પેનલ લગાવે છે. આ રાજ્યના વીજનિગમોનું ભારણ ઘટાડતી આવકારદાયી કામગીરી છે. છતાં વીજ નિગમો પોતાના ખપપૂરતું ઉત્પાદન કરનાર પાસેથી પણ સરચાર્જ અથવા નફો મેળવે છે. આ પદ્ધતિને સત્યનિષ્ઠ ગણીશું? વાહન ખરીદનાર સેલટેક્સ ભરે છે, છતાં રાજ્ય આજીવન રોડ ટેક્સ અને રસ્તા ઉપર ટોલટેક્સ લે છે! આવી કાર્યપ્રણાલીને ઉઘાડી લૂંટ જ કહી શકાય. ઉત્સવપ્રિય ગુજરાતના ગરીબ કલ્યાણ મેળા, કૃષિરથ, વાઈબ્રન્ટ, પતંગ મહોત્સવ, કન્યા કેળવણી જેવા આયોજનો માટે સરકારી અધિકારીઓને પોતાની રીતે વ્યવસ્થા કરવા જણાવાય છે ત્યારે 'મોસાળમાં જમણ ને મા પીરસનાર'ની સ્થિતિ સર્જાય છે. અનુકૂળ ન્યાય પણ ખરીદી શકાય છે અને વિકાસકાર્યોનાં ઝાડને તો ઉધઈ ખાઈ ચૂકી છે. આમ છતાં દેશનો કોમનમેન પ્રામાણિક રહે તેવી અપેક્ષા હાસ્યાસ્પદ નથી? ગુજરાતના રેવન્યુ વિભાગમાં ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવામાં નિશ્ચિત ભાવો ચાલે છે. વિભાગના ભાવો ભરપાઈ કરનારની ફાઈલ ૪૦થી ૪૮ દિવસમાં ક્લિયર થઈ જાય છે, જ્યારે આ પદ્ધતિથી બહાર રહી કોઈ વગદાર વ્યક્તિને પણ જમીન એન.એ. કરાવવી હોય તો ૬થી ૮ માસનો ગાળો સહન કરવો પડે છે. ઉદ્યોગધંધા શરૂ કરવા, ઘરના બાંધકામને મંજૂર કરાવવા કે માલસામાન ફેરવવા માગતા લોકોને પણ આવા અનુભવો થતા રહે છે. આ સ્થિતિ છતાં સમાજમાં દર્શન એવું ઉપસી રહ્યું છે કે લોકોને પૈસા ખર્ચવામાં વાંધો નથી, પરંતુ વાંધો પોતાનું કામ ન થાય તે સામે છે. બદલાતા સમયમાં જીવન વધુ સ્પર્ધાત્મક અને અનિશ્ચિત બની રહ્યું છે. કોઈ પણ લાભને આવતી કાલ ઉપર મુલતવી રાખવા વ્યક્તિ તૈયાર નથી. આથી શહેર કે ગામડાનો માણસ પૈસા વેરીને પણ પોતાનું કામ કઢાવવામાં જોખમ લેતો થયો છે અને જ્યાં કોઈ પદ્ધતિ આકાર લે છે ત્યાં લોકોની વિશ્વસનીયતા વધે છે.

લાભ લેનાર વ્યક્તિ હોય કે સમૂહ, પૈસા ખર્ચનાર માટે ફરક પડતો નથી. આમ છતાં ટિકિટના છૂટા પૈસા પરત ન આપવાનો અભિગમ વ્યાજબી ગણાતો નથી. ઉકેલ ભ્રષ્ટાચાર સામે બરાડા પાડવામાં નહીં પરંતુ પદ્ધતિઓના વિકાસને પ્રોત્સાહિત કરવામાં રહેલો જણાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે રેલવે બુકિંગ, બેંકિંગ, શિક્ષણમાં નિમણૂકો જેવાં ક્ષેત્રોને ભ્રષ્ટાચારના આરોપમાંથી બહાર લાવવા અનિવાર્ય બન્યું છે. ભ્રષ્ટાચાર વિરોધીઓનો આક્ષેપ ભાવાત્મક અને સાપેક્ષ છે, પરંતુ પ્રજાએ અપનાવેલો ઉકેલ ઘણી વખત સહેવી પડતી તકલીફોના ઈલાજરૂપે પદ્ધતિનો ભાગ બની જાય છે. માત્ર ભ્રષ્ટાચારના વિરોધમાં ઉકેલ નથી મળવાનો. પીડા વેઠી ચૂકેલા બૌદ્ધિકોએ ભાવુકતામાં ખેંચાયા વિના રોગના કારણ તરફ જોઈ નવા ઉકેલ માટે વિચારવું પડશે.

નૈતિક વ્યવહારના હિમાયતીઓને ખોફ વ્યક્તિગત લાભ સામે છે, પરંતુ રાજ્ય કે રાજકીય પક્ષો જાહેર રીતે પ્રજાનું શોષણ કરે તો તેને કેવી રીતે સ્વીકૃતિ આપી શકાય તે પણ સળગતો પ્રશ્ન છે, જે વિકાસ આડે બંધ બની ઊભો છે. આર્થિક વ્યવહારના ભ્રષ્ટાચારનો વિરોધ કરનારનું દૃષ્ટિબિંદુ લોકોની નૈતિકતામાં આવેલ ગિરાવટ ઉપર કેન્દ્રિત થાય છે, પરંતુ સમાજનો અનુભવ જુદી દિશામાં ચાલી રહ્યો છે. રાષ્ટ્રના હેતુને પ્રાધાન્ય આપતા વ્યક્તિ, સમૂહ, સમાજ કે રાજકીય પક્ષોની અ-નૈતિક આવકને પદ્ધતિનાં માધ્યમથી રોકીએ તો જ સ્વાર્થી જીવનવિચાર તૂટશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સત્સંગની મહત્તા



**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

એક માણસ એક દિવસ એક સંત પ્રવચન કરી રહ્યા હતા ત્યાંથી પસાર થયો. સંતના શબ્દો તેના કાને પડ્યા અને તે બે મિનિટ રોકાયો. તેને ગમ્યું, તે પ્રવચન સાંભળવા બેસી ગયો. તેના મનને સારું લાગ્યું. તે દિવસ પછી તે માણસ રોજ સંતના પ્રવચન અને સત્સંગમાં અચૂક જવા લાગ્યો. તેના મનને સારું લાગતું, ગમતું અને આનંદનો અનુભવ થતો.

એક દિવસ સંતે પ્રવચનમાં કહ્યું, 'જીવનમાં દરેકને મળતા સુખ અને દુઃખ તેના પોતાના કર્મનું ફળ છે. જેવા કર્મ કર્યા હોય છે, તેનું તેવું ફળ દરેક વ્યક્તિએ ભોગવવું જ પડે છે.' આ સાંભળી પેલા માણસને વિચાર આવ્યો કે જો કર્મનાં ફળો ભોગવવાનાં જ હોય તો પછી રોજ સત્સંગ કરવાની જરૂર શું કામ? સત્સંગ કરવા છતાં કર્મફળ તો ભોગવવાં જ પડે તેવું હોય તો પછી રોજ સત્સંગમાં શું કામ જોડાવું જોઈએ?

આ વિચારો તેનો પીછો છોડતા ન હતા, એટલે તે સંત પાસે ગયો અને પૂછ્યું, 'બાપજી, તમે કહ્યું તેમ જો કર્મનાં સારાં-ખરાબ ફળ બધાએ ભોગવવાં જ પડે તો પછી રોજ સત્સંગમાં આવવાનો ફાયદો શું?'

સંત હસ્યા અને થોડે દૂર પડેલી એક ઈંટ તરફ આંગળી ચીંધીને પેલા માણસને કહ્યું, 'આ ઈંટ ઉપાડ અને ઉપર પહેલા માળે જા અને ત્યાંથી આ ઈંટ મારી ઉપર ફેંક.' પેલો માણસ બોલી ઊઠ્યો, 'ના બાપજી, તમને વાગી જશે, પીડા થશે. હું એમ ન કરી શકું. મને માફ કરો.' સંત બોલ્યા, 'ઠીક છે, તો આ ઈંટના વજન જેટલું રૂ લઈ આવ, તેની થેલી બનાવ અને ઉપર પહેલા માળે જઈને મારી ઉપર ફેંક.'

પેલો માણસ ઈંટના વજન જેટલું રૂ લઈ આવ્યો અને થેલી બનાવી. સંત બોલ્યા, 'આ રૂ ભરેલી થેલી તું મારી પર ફેંકવા તૈયાર થઈ ગયો છે, તો શું મને તેનાથી ઈજા નહીં થાય?'

માણસ અટકી ગયો અને પછી બોલ્યો, 'ના બાપજી, રૂ છે ને એટલે તમને નહીં વાગે, કોઈ ઈજા નહીં થાય.'

સંત હસ્યા અને બોલ્યા, 'બસ, આજ રીતે જો તું સત્સંગ નહીં કરે તો કર્મફળ ઈંટની જેમ ભારે લાગશે અને ઈજા પહોંચાડશે અને જો રોજ સત્સંગ કરીશ તો તે જ કર્મફળ રૂ જેવું હલકું લાગશે અને ઈજા નહીં પહોંચાડે. સત્સંગ કરવાથી કર્મનો બોજ નથી લાગતો અને કર્મફળ જે પણ મળે, તે સહેવું સહેલું બને છે. માટે સત્સંગ સતત કરતા રહેવું જોઈએ.'

સંતે સુંદર રીતે સત્સંગની મહત્તા સમજાવી.

# તાતા સામ્રાજ્યમાં સર્વોચ્ચ સત્તા માટે જંગ: ચેરમેનની પુનઃનિમણૂકને લઈને ટ્રસ્ટ અને બોર્ડ આમને-સામને

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**તાતા સન્સ તાતા જૂથની હોલ્ડિંગ કંપની છે અને તેના ચેરમેન એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક મુદ્દે તાતા ટ્રસ્ટ્સ અને તાતા સન્સના બોર્ડ વચ્ચે મતભેદ ઊભો થયો છે**

તાતા જૂથ સાથેનો સત્તા સંઘર્ષ રોકાણકારો અને ભારત સરકાર બંને માટે ચિંતાનો વિષય બન્યો છે. તેનું કારણ એ છે કે તાતા જૂથ ભારતના જીડીપીમાં અંદાજે 4 ટકા હિસ્સો ધરાવે છે અને રાષ્ટ્રીય આર્થિક તથા તકનીકી પ્રાથમિકતાઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. લાખો કામદારો અને વ્યાપક ડીલર નેટવર્ક તાતાની કંપનીઓ સાથે જોડાયેલા છે. આવી અસ્થિરતા બજારના વિશ્વાસ અને રોકાણકારોના પોર્ટફોલિયોને અસર કરી શકે છે. તાતા જૂથ 11 અબજ ડોલરના સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈવી ક્ષેત્રમાં પણ તેનું મોટું રોકાણ છે. એપલ આઈફોનની એસેમ્બલી લાઈનો ઉપરાંત તાતા પાસે એર ઈન્ડિયા પણ છે અને તે એરલાઈનને ફરી મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ સ્થિતિમાં જૂથની અંદર ચાલી રહેલો સત્તા સંઘર્ષ વધુ મહત્ત્વનો બની ગયો છે. આ લડાઈ મુખ્યત્વે તાતા સન્સના નિયંત્રણ અને ભવિષ્યને લઈને છે. તાતા સન્સ તાતા જૂથની હોલ્ડિંગ કંપની છે અને તેના ચેરમેન એન. ચંદ્રશેખરનની પુનઃનિમણૂક મુદ્દે તાતા ટ્રસ્ટ્સ અને તાતા સન્સના બોર્ડ વચ્ચે મતભેદ ઊભો થયો છે. તાતા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ તાતા, જે દિવંગત રતન તાતાના સાવકા ભાઈ છે, આ વિવાદમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

તાતા ટ્રસ્ટ્સ તાતા પરિવાર દ્વારા બનાવવામાં આવેલા ચેરિટેબલ ટ્રસ્ટોનો સમૂહ છે. તે આરોગ્ય, શિક્ષણ અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં સખાવતી કાર્યો માટે ભંડોળ પૂરું પાડે છે. પરંતુ આ ટ્રસ્ટ્સ પાસે કોર્પોરેટ સત્તા પણ છે, કારણ કે તેઓ તાતા સન્સમાં આશરે 66 ટકા હિસ્સો ધરાવે છે. આ જ કારણે તાતા ટ્રસ્ટ્સ અને તાતા સન્સના બોર્ડ વચ્ચેનો મતભેદ સામાન્ય બોર્ડરૂમ વિવાદ કરતાં ઘણો મોટો બની ગયો છે. 17 સપ્ટેમ્બરે મળેલી બોર્ડ બેઠકમાં તાતા સન્સના ડિરેક્ટરોએ ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે ચેરમેન બનાવવાનો નિર્ણય લીધો હતો. તેમનો વર્તમાન કાર્યકાળ ફેબ્રુઆરી 2027માં પૂરો થવાનો છે. નોએલ તાતાએ આ પુનઃનિમણૂકનો વિરોધ કર્યો હતો, જ્યારે અન્ય ચાર ડિરેક્ટરોએ ચંદ્રશેખરનને ટેકો આપ્યો હતો. જોકે, બોર્ડના નિર્ણયના થોડા કલાકોમાં જ તાતા ટ્રસ્ટ્સે તેને કાયદાકીય રીતે અમાન્ય ગણાવ્યો હતો. ટ્રસ્ટ્સની દલીલ છે કે તાતા સન્સના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ ચેરમેનની નિમણૂક અથવા પુનઃનિમણૂક માટે ટ્રસ્ટના નોમિની ડિરેક્ટરોની બહુમતીની મંજૂરી જરૂરી છે. બોર્ડની બેઠકમાં નોએલ તાતા અને પીઢ ઉદ્યોગપતિ વેણુ શ્રીનિવાસન બે નોમિની ડિરેક્ટર હતા. શ્રીનિવાસને ચંદ્રશેખરનને ટેકો આપ્યો હતો, જ્યારે નોએલ તાતાએ વિરોધ કર્યો હતો. નોએલ તાતાએ આ મુદ્દે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચુડનો કાનૂની અભિપ્રાય પણ બોર્ડ સમક્ષ રજૂ કર્યો હતો. આ વિવાદનું બીજું મહત્ત્વનું કારણ ચંદ્રશેખરનનો અગાઉનો નિર્ણય છે. 12 ઓગસ્ટે તેમણે તાતા સન્સના બોર્ડને જણાવ્યું હતું કે વર્તમાન કાર્યકાળ ફેબ્રુઆરીમાં પૂરો થયા બાદ તેઓ બીજી મુદત માટે પ્રયાસ નહીં કરે.

તાતા ટ્રસ્ટ્સે આ નિર્ણય સ્વીકારીને ઉત્તરાધિકારીની શોધ શરૂ કરવાની વાત કરી હતી. નોએલ તાતાના મત મુજબ આ નિર્ણય અંતિમ હતો અને ઉત્તરાધિકારીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી.

પરંતુ તાતા સન્સના બોર્ડનું કહેવું છે કે તેની નોમિનેશન કમિટી 3 સપ્ટેમ્બરે મળી હતી અને ચંદ્રશેખરનને તેમના નિર્ણય પર પુનઃવિચાર કરવા વિનંતી કરી હતી. બોર્ડે તાતા જૂથમાં તેમના યોગદાન અને જૂથના વ્યાપક હિતોને ધ્યાનમાં રાખીને આ વિનંતી કરી હતી. ત્યાર બાદ ચંદ્રશેખરન પુનઃવિચાર માટે સંમત થયા અને 17 સપ્ટેમ્બરે બોર્ડે તેમને વધુ પાંચ વર્ષ માટે પુનઃનિયુક્ત કરવાનો નિર્ણય લીધો. આ ઘટનાથી એક અસાધારણ સ્થિતિ ઊભી થઈ છે. તાતા સન્સનું બોર્ડ ચંદ્રશેખરનને ફરીથી નિયુક્ત થયેલા ચેરમેન તરીકે જોઈ રહ્યું છે, જ્યારે તેને નિયંત્રિત કરતા તાતા ટ્રસ્ટ્સ આ પુનઃનિમણૂકને કાયદાકીય રીતે માન્ય માનતા નથી. આ વિવાદ તાતા સન્સના શેરબજારમાં લિસ્ટિંગના મુદ્દા સાથે પણ જોડાયેલો છે. આરબીઆઈએ ચાર વર્ષ પહેલાં તાતા સન્સને 'અપર-લેયર' નોન-બેંકિંગ નાણાકીય કંપની તરીકે વર્ગીકૃત કરી હતી. આ કેટેગરી હેઠળ કંપનીને સામાન્ય રીતે શેરબજારમાં લિસ્ટિંગ કરવું પડે છે. તાતા સન્સે આ જરૂરિયાતમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો અને 21,000 કરોડ રૂપિયાથી વધુનું દેવું ચૂકવીને કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની તરીકેની નોંધણી રદ કરવાની અરજી કરી હતી.

આ મહિનાની શરૂઆતમાં આરબીઆઈએ આ રસ્તો ફગાવી દીધો હતો. પરિણામે લિસ્ટિંગનો મુદ્દો ફરી સામે આવ્યો. 17 સપ્ટેમ્બરે તાતા સન્સના બોર્ડે આરબીઆઈની જરૂરિયાતોનું પાલન કરવાની દિશામાં આગળ વધવાનો નિર્ણય લીધો હતો. જો લિસ્ટિંગ થાય તો તે ભારતના મોટા આઈપીઓમાંનું એક બની શકે છે. કેટલાક વિશ્લેષકોએ તાતા સન્સનું સંભવિત મૂલ્ય 120 અબજ ડોલરથી વધુ હોવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. તાતા ટ્રસ્ટ્સ લિસ્ટિંગનો વિરોધ કરે છે, જ્યારે તાતા સન્સના 18.4 ટકા હિસ્સા ધરાવતા શાપૂરજી પાલોનજી જૂથ તરફથી લિસ્ટિંગની માંગ કરવામાં આવી છે. નોએલ તાતા માને છે કે લિસ્ટિંગથી તાતા સન્સના પરોપકારી સ્વભાવ પર અસર પડી શકે છે. તેમના મતે, શેરબજારમાં સૂચિબદ્ધ થયા બાદ ઝડપી વળતરની અપેક્ષાઓ રાષ્ટ્રનિર્માણ અને લાંબા ગાળાના પ્રોજેક્ટ્સને અસર કરી શકે છે. ચંદ્રશેખરન 2017થી તાતા સન્સનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન તાતા જૂથે એર ઈન્ડિયાની ખરીદી કરી અને સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ તથા બેટરી ક્ષેત્રમાં મોટા રોકાણ કર્યા. જોકે, એર ઈન્ડિયા અને જગુઆર લેન્ડ રોવર સહિતના કેટલાક વ્યવસાયોને લઈને પડકારો પણ રહ્યા છે. તાતા જૂથ અગાઉ પણ નેતૃત્વના વિવાદમાંથી પસાર થઈ ચૂક્યું છે.

2016માં સાયરસ મિસ્ત્રીને ચેરમેન પદેથી હટાવ્યા બાદ લાંબી કાનૂની લડાઈ ચાલી હતી. ત્યાર બાદ જૂથમાં સ્થિરતા લાવવા ચંદ્રશેખરનને જવાબદારી સોંપવામાં આવી હતી. હવે ફરી નેતૃત્વ અને લિસ્ટિંગને લઈને ઊભી થયેલી ખેંચતાણ તાતા જૂથના ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ બની છે. શક્તિ અને જવાબદારીની રેખાઓ સ્પષ્ટ કરવી તથા કામગીરીમાં પારદર્શિતા જાળવવી હવે મહત્ત્વની રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ધર્મને નામે ધતિંગ

આજના સમયમાં જોઈએ તો ઘણા લોકો બૂમો પાડતા હોય છે કે મોંઘવારી કેટલી વધી ગઈ છે. ખાદ્યતેલના ભાવ વધી ગયા, પેટ્રોલના ભાવ વધી ગયા, ખાંડના ભાવ વધી ગયા ને સોનાના ભાવ તો વધ્યા જ કરે છે. પરંતુ હાલમાં ચાલી રહેલા ગણેશ ઉત્સવ પર જો નજર કરશો તો તેમાં ક્યાંય મોંઘવારી જોવા નહીં મળે. એક જ શેરીમાં ત્રણ ત્રણ ચાર ચાર ગણેશ પંડાલ જોવા મળશે. દરેક પંડાલમાં મોંઘુ ડેકોરેશન હશે અને વળી હવે તો ડ્રેસ કોડનો જમાનો છે દરેક વ્યક્તિ બાપ્પાના આગમનના વરઘોડામાં એક જ સરખા રંગના કુર્તામાં જોવા મળશે. વળી ડી.જે વગર તો ચાલે જ નહીં. બાપ્પાના વરઘોડામાં ફટાકડા પણ ફોડવામાં આવે છે સાથે આતશબાજી તો ખરી જ. આખી શેરીને લાઈટિંગ વડે ઝગમગતી કરાય છે બાપ્પાને મોંઘા ફળોના હાર પહેરાવાય છે. વળી એકાદ દિવસ છપ્પન ભોગ પણ ધરાવાય છે એકાદ દિવસ કથા કરાય છે અને વિસર્જનમાં આટલો જ ખર્ચ કરાય છે ને છેલ્લે સમૂહ જમણવાર પણ યોજાય છે. આ બધા ખર્ચ જોતાં મોંઘવારી તો ક્યાંય દેખાતી નથી, પણ ધર્મને નામે ધતિંગ કહેવાય છે અને ધનનો પૈસાનો દેખાડો.

**સુરત - શીલા ભટ્ટ**

### GPSC

ઉચ્ચ શિક્ષણ વિદ્યાશાખાઓમાં GPSC પરીક્ષા લેવાય છે, પણ તે કદીય નિયમિત લેવાતી નથી, આથી તેના ગેરફાયદા વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં થાય જેમકે પ્રમોશન અટકે, પગારમાં વધારો, સ્ટેટસમાં ફેરફાર ન થાય, જો ગુજ. સરકારનું આરોગ્ય ખાતું, તંત્ર વાહકો સત્વરે નિયમિત GPSC પરીક્ષા નક્કી યોજે, તો લાખો વિદ્યાર્થીઓને નુક્સાન જ નુક્સાન. કઈ ધણીધોરી ચલાવવાનું કેમ નથી?

**સુરત – ડૉ અનુકૂલ નાયક**

### ભ્રષ્ટાચાર, ભેળસેળ અને ભાવવધારો

સુરત સોનાની મૂરત. સુરતનું જમણ અને કાશીનું મરણ. આપણા તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. તેમાં પણ ખાણીપીણીમાં કરોડો રૂપિયાનો ધૂમાડો કરે છે. ગણેશ ચતુર્થી હોય કે રક્ષાબંધન, જન્માષ્ટમી હોય કે દિવાળી, જેમાં ખાસ પ્રકારની વાનગીઓ બને છે. હવે મોટે ભાગે ઘરમાં બનતી નથી. મોટી દુકાનો કે હોટલોમાંથી ખરીદવામાં આવે છે. માનવતા મરી ચૂકી છે. વધુ કમાણીના લોભમાં વેપારીઓ ભેળસેળ કરતા અચકાતા નથી. ગંદકીનો કોઈ પાર હોતો નથી. કીડી, મંકોડા, ઉંદર જેવા જીવજંતુઓ જોવા મળે છે. દર વર્ષે મીઠાઈઓ, પીણાં નકલી સ્વરૂપમાં જોવા મળે છે, જે બજારમાં ખુલ્લેઆમ, રોકટોક વગર વેચાય છે. કોઈ ચેકિંગ થતું નથી. તહેવારોના દિવસોમાં જ એસએમસીનું આરોગ્ય ખાતું જાગે છે. દંડ કરે છે. અખાદ્ય ખોરાકનો નાશ કરે છે. તેમાં પણ કર્મચારી અને વેપારીઓ વચ્ચેની સાંઠગાંઠમાં ભ્રષ્ટાચાર થતો હોય છે, જે નજરઅંદાજ કરી શકાય નહીં. જ્યારે બજારમાં ધૂમ વેચાણ થતું હોય છે ત્યારે જુદા જુદા ભાવોથી વસ્તુ વેચાય છે. જેમાં ઘણીવાર અછત વર્તાતા અને માંગ વધતા વસ્તુનો ભાવ વધારો પણ ગ્રાહકના માથે નાંખી દેવામાં આવતો હોય છે. ગ્રાહક કોઈ પણ સાવધાનીનો વિચાર કર્યા વિના વસ્તુ ખરીદે છે. ત્યારે ગ્રાહક સુરક્ષા ખૂબ જરૂરી છે.

**સુરત - ગોપાળ પરમાર**

### પ.પૂ.સ્મરણીય શ્રી પ્રવીણકાંત રેશમવાળાની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ

કોઈપણ દૈનિક વર્તમાનપત્ર સતત ૧૫૦ વર્ષથી વધુ સમયથી પ્રકાશિત થતું હોય તો તે ચોક્કસપણે મહત્વની અને વિરલ સિદ્ધિ ગણાય. સુરતથી પ્રકાશિત થતું ગુજરાતમિત્ર સતત ૧૬૩ વર્ષથી પોતાની અવિરત સફર જાળવી રહ્યું છે. તેમાં છેલ્લા ૧૦૬ વર્ષથી રેશમવાળા પરિવાર તેની ધરોહર સંભાળી રહ્યો છે, જે સમગ્ર પત્રકાર જગત માટે ગૌરવની બાબત છે. સ્મરણીય શ્રી પ્રવીણકાન્ત રેશમવાળાની તા. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ અવસાન થયું હતું. તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તેમની ૪૩મી પુણ્યતિથિ નિમિત્તે તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. તેમના પૂજ્ય પિતાશ્રી સ્મરણીય શ્રી ઉત્તમરામ રેશમવાળાએ ૧૯૨૦માં ગુજરાતમિત્રની ધરોહર સંભાળી હતી. ૧૯૩૭માં તેમના અવસાન બાદ માત્ર ૧૯ વર્ષની ઉંમરે શ્રી પ્રવીણકાન્ત રેશમવાળાએ આ જવાબદારી સંભાળી હતી. ૧૯૮૩માં તેમના અવસાન બાદ તેમના પુત્ર શ્રી ભરતભાઈ રેશમવાળાએ ૩૩ વર્ષની ઉંમરે ગુજરાતમિત્રની ધૂરા સંભાળી અને આજે ૭૬ વર્ષની ઉંમરે પણ અવિરત કાર્યરત છે. રેશમવાળા પરિવારની ત્રણ પેઢીએ સદીથી વધુ સમય સુધી ગુજરાતમિત્રની ધરોહર સફળતાપૂર્વક સંભાળી છે. આ વિરલ સિદ્ધિ બદલ પરિવારને અભિનંદન તથા ગુજરાતમિત્રની ઉત્તરોત્તર પ્રગતિ માટે અનેકાનેક શુભેચ્છાઓ.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### આપણું સુરત ભેળસેળનું હબ?

સુરતનું જમણ વિશ્વભરમાં પ્રચલિત છે, પરંતુ શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના રોજેરોજ આવતા સમાચાર ચિંતાજનક છે. આપણું સુરત ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું હબ બની રહ્યું છે તે સ્વીકારતા દુઃખ થાય છે. શહેરમાં ભેળસેળ અંગે કાયમી હેલ્પલાઇન શરૂ કરવાની જરૂર છે. સરકાર દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવે છે, છતાં ભેળસેળિયાઓ પર તેની અસર થતી નથી. તાજેતરમાં બ્રાન્ડેડ સીંગતેલના સ્ટીકર લગાવીને વેચાતું ભેળસેળયુક્ત તેલ પકડાયું હતું. નકલી માવો, ઘી, પનીર અને ફરાળી લોટમાં પણ ભેળસેળના કિસ્સા સામે આવે છે. શાળાઓની બહાર વેચાતું જંક ફૂડ વિદ્યાર્થીઓના આરોગ્ય માટે જોખમી છે. હોસ્ટેલોમાં ફૂડ પોઈઝનિંગના બનાવો પણ ચિંતાજનક છે. પ્રશ્ન એ છે કે કાયદાકીય કાર્યવાહી માત્ર થોડા દિવસો પૂરતી રહેશે કે નિયમિત ચેકિંગ ચાલુ રહેશે? 'નેચરલ જ્યુસ'ના નામે વેચાતા પદાર્થો ખરેખર કુદરતી છે કે નહીં, તેની પણ તપાસ થવી જોઈએ. જનતાને માત્ર સાવધાન રહેવાની સલાહ આપવાથી સમસ્યા ઉકેલાશે નહીં. દરેક વોર્ડના કોર્પોરેટરે પોતાના વિસ્તારમાં ખાદ્ય ભેળસેળ સામે જાગૃતિ ફેલાવી ફરિયાદી બનવું જોઈએ. તમામ પ્રતિનિધિઓ સક્રિય થશે તો ભેળસેળિયાઓમાં ફફડાટ ફેલાશે. મીઠાઈ, નાસ્તા અને પીણાંની નિયમિત તપાસ થાય, નમૂનાઓના અહેવાલ જાહેર થાય અને દોષિતો સામે કડક કાર્યવાહી થાય તો જ લોકોનો વિશ્વાસ જળવાઈ રહેશે તથા સુરતની ખાણીપીણીની ઓળખ જળવાઈ રહેશે. સુરત ભેળસેળનું હબ નહીં, શિક્ષણનું હબ બને તેવી પ્રાર્થના.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### શીખવાની ધગશવાળાને ઉંમરનો બાંધ નડતો નથી

વ્યક્તિ બધી જ રીતે સક્રિય હોય તો તેને ઉંમરનો તથા થાકનો બાંધ નડતો નથી. તમારા મગજમાંથી એક ખ્યાલ કાઢી નાંખો કે 'મારી ઉંમર થઈ છે, હવે મારાથી કંઈ થાય નહીં.' આવા વિચારોવાળા માટે 'હું ભલો અને મારો ખાટલો ભલો' તેવા વ્યક્તિ નાની ઉંમરે પણ ઘરડા જેવા દેખાય છે. એક દૈનિક પેપરમાં આવ્યું હતું કે એક લેડી અમેરિકામાં રહે છે. ૧૦૮ વર્ષની ઉંમરે પણ ખુદ મોટરનું ડ્રાઈવિંગ જાતે કરે છે અને અઠવાડિયામાં ત્રણ દિવસ એક્સરસાઈઝ કરે છે. અમેરિકામાં ૨૪ એપ્રિલ, ૧૯૧૮ના રોજ તેમનો જન્મ થયો હતો. કુલ ૧૨ ભાઈ-બહેનના પરિવારમાં આ લેડીનો ૧૦મો નંબર છે. ખેડૂત પરિવારમાં ઉછર્યાં છે. ૩૦ વર્ષ સુધી બાળકોને ભણાવ્યાં અને ૧૯૭૭માં નિવૃત્ત થયાં. અત્યારે ૧૦૮ વર્ષની ઉંમર છે. તો પણ સવારે વહેલા ઊઠીને એક્સરસાઈઝ કરે છે. ૨૦ વર્ષથી મને આ આદત છે. આજે પણ હું પગપાળા ચાલું છું અને મોટર ડ્રાઈવિંગ પણ જાતે કરું છું. આજે પણ હું મારાં કામ જાતે કરવાનો પ્રયત્ન કરું છું. ટૂંકમાં બોધપાઠ એ છે કે ઉંમર વધવાની સાથે શરીરને બિલકુલ નિષ્ક્રિય કરી દેવું યોગ્ય નથી. તમારી ક્ષમતા મુજબ રોજ કંઈક ને કંઈક શારીરિક પ્રવૃત્તિ કરતા રહો.

**સુરત - મહેશ ડૉક્ટર**